**મહે. અધિક જયુડી મેજી. ફર્સ્ટ કલાસ સાહેબની કોર્ટમાં, મુ. દેવગઢ બારીઆ.**

**ફોજદારી કેસ નંબરઃ ૩૩૯/૨૦૨૬**

શ્રી સરકાર .........ફરીયાદી

વિરુધ્ધ

(૧) વિનોદભાઈ સોમાભાઈ પરમાર, ઉ.વ. ૩૭,
(૨) રાજુભાઈ સોમાભાઈ પરમાર, ઉ.વ. ૩૯,
(૩) જયેશભાઈ રમેશભાઈ પટેલ, ઉ.વ. ૨૬,
નં. ૧ થી ૩ રહે. પીપલોદ, માલગુણ ફળીયુ, તા.દેવગઢબારીઆ, જી.દાહોદ.
(૪) પરસોત્તમભાઈ ઉર્ફે મનુભાઈ લક્ષ્મણભાઈ હરીજન, ઉ.વ. ૪૩
(૫) રોહીતભાઈ બકાભાઈ હરીજન, ઉ.વ. ૨૭,
નં. ૪ અને ૫ રહે. પીપલોદ, હરીજન ફળીયુ, તા.દેવગઢબારીઆ, જી.દાહોદ.
(૬) હિંમતભાઈ ઉર્ફે લાલો અભેસીંગભાઈ ડાયરા, ઉ.વ. ૩૫,
નં. ૬ રહે. પીપલોદ, માલગુણ ફળીયુ, તા.દેવગઢબારીઆ, જી.દાહોદ.

..........આરોપી

**ગુનો :– ગુજરાત જુગાર પ્રતિબંધ અધિનીયમ ૧૯૮૭ ની કલમ–૧૨ મુજબ.**

**–::: ઠ રા વ :::–**

(૧) ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવા પ્રકારની છે કે, આ કામના આરોપીઓએ ચાર્જશીટમાં જણાવ્યા મુજબ તારીખ ૧૪/૮/૨૦૨૫ ના રોજ કલાક : ૧૮:૪૫ વાગે પીપલોદ ગામે માલગુણ ફળીયામાં જાહેરમાં પત્તા પાનાનો હારજીતનો જુગાર રમી રમાડી ચલણી નોટો તથા જુગાર રમવાના સાધનો મળી કુલ કિંમત રૂા.૩,૧૧૦/– ના મુદ્દામાલ સાથે આરોપી નં. ૧,૨,૩ નાઓ પકડાઈ જઈ તથા આરોપી નં. ૪,૫,૬ નાઓ નાસી જઈ પંચનામાની વિગતે અટક કરવામાં આવેલ અને આ કામના ફરીયાદી ધ્વારા આરોપી વિરૂધ્ધ પીપલોદ પોલીસ સ્ટેશનમાં ગુનો તારીખ ૧૪/૦૮/૨૦૨૫ ના રોજ નોંધવામાં આવેલ. આ કામે આરોપીને પોલીસ સ્ટેશન ધ્વારા જામીન ઉપર મુકત કરવામાં આવેલ અને ત્યારબાદ તપાસના કામે સંબંધીત તપાસ કરનાર અમલદાર ધ્વારા હાલના ગુનાના કામે તપાસ કરી આરોપીઓ વિરૂધ્ધ પુરતો પુરાવો મળી આવતા કોર્ટમાં ચાર્જશીટ રજુ કરવામાં આવેલ છે.

(૨) આરોપીઓને અત્રેની કોર્ટ તરફથી હાજર રહેવા માટે સમન્સ કરવામાં આવેલ અને આરોપીઓ તેમના વિ.વ.શ્રી સાથે અત્રેની કોર્ટ સમક્ષ હાજર રહેતા આરોપીઓને બી.એન.એસ.એસ. મુજબ પોલીસ પેપર્સ ની તમામ નકલ વિના મુલ્યે આપવામાં આવેલ. આજરોજ તારીખ ૧૦/૦૩/૨૦૨૬ ની મુદ્દત તારીખે આરોપી તેમના વિ.વ.શ્રી સાથે અત્રેની કોર્ટ સમક્ષ હાજર થતા આરોપીઓની પ્લી નોંધતા આરોપીએ સ્વૈચ્છીક રીતે ગુન્હાની કબુલાત કરેલ છે અને ઓછી સજા કરવા અરજ ગુજારેલ છે. આરોપીઓએ અલગથી કબુલાત પુરશીશ રજુ કરી જણાવેલ છે કે, તેઓ કુટુંબ કબીલાવાળા છે અને ગરીબ માણસ છે અને તેના ઉપર પરીવારની જવાબદારી તેના ઉપર છે જેથી સ્વૈચ્છીક રીતે ગુનાની કબુલાત કરી ઓછી સજા કરવા અરજ ગુજારેલ છે અને હાલના ગુના અંગે દીલગીરી વ્યકત કરેલ છે અને ફરીથી આવો કે આવા પ્રકારનો ગુનો નહી કરવા ખાત્રી આપે છે.

(૩) આમ, જયારે આ કામના આરોપી સ્વૈચ્છીક રીતે પોતાની સામે આક્ષેપાયેલ ગુનાની કબુલાત કરતા હોય અને તેઓનો પ્રથમ ગુનો હોવાનુ પણ જણાવતા હોય, તેમજ તેમના ઉપર તેમના પરીવારની

જવાબદારી હોય અને ફરીથી આવો કે આવા પ્રકારનો ગુનો નહી કરવા જણાવતા હોય, ત્યારે રેકર્ડ ઉપરની તમામ હકીકતો તથા પરિસ્થિતીને ધ્યાને લેતા તેમજ નામદાર ગુજરાત હાઈકોર્ટ ધ્વારા **ગુજરાત રાજ્ય વિરૂધ્ધ નટવર હરચંદજી ઠાકોર** ના ચુકાદામાં પ્રસ્થાપીત કરેલ સિધ્ધાંતને ધ્યાને લઈ કાયદા ધ્વારા નકકી કરવામાં આવેલ કરતા ઓછામાં ઓછી સજા કરીને ઓછો દંડ ભરવાનો હુકમ કરવામાં આવે તો ન્યાયનો હેતુ જળવાય તેમ હોય, આ કામના આરોપીઓને તેઓની સામેના ગુનામાં દોષીત ઠરાવી ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**-:: હુકમ ::-**

(૧) આ કામના આરોપી નં (૧) વિનોદભાઈ સોમાભાઈ પરમાર, ઉ.વ. ૩૭, (૨) રાજુભાઈ સોમાભાઈ પરમાર, ઉ.વ. ૩૯, (૩) જયેશભાઈ રમેશભાઈ પટેલ, ઉ.વ. ૨૬, નં. ૧ થી ૩ રહે. પીપલોદ, માલગુણ ફળીયુ, તા.દેવગઢબારીઆ, જી.દાહોદ, (૪) પરસોત્તમભાઈ ઉર્ફે મનુભાઈ લક્ષ્મણભાઈ હરીજન, ઉ.વ. ૪૩ (૫) રોહીતભાઈ બકાભાઈ હરીજન, ઉ.વ. ૨૭, નં. ૪ અને ૫ રહે. પીપલોદ, હરીજન ફળીયુ, તા.દેવગઢબારીઆ, જી.દાહોદ (૬) હિંમતભાઈ ઉર્ફે લાલો અભેસીંગભાઈ ડાયરા, ઉ.વ. ૩૫, નં. ૬ રહે. પીપલોદ, માલગુણ ફળીયુ, તા.દેવગઢબારીઆ, જી.દાહોદ. નાઓને ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા ૧૯૨૩ ની કલમ-૨૭૫ અન્વયે, ગુજરાત જુગાર પ્રતિબંધ અધિનીયમ ૧૯૮૭ ની કલમ- ૧૨ મુજબના ગુનામાં તકસીરવાન ઠરાવી આરોપી દીઠ રૂા. ૨૦૦/- નો દંડ તેમજ કોર્ટ ઉઠતા સુધીની સજા કરવામાં આવે છે અને જો દંડ ન ભરે તો ૧૦ -દિનની સાદી કેદની સજા ફરમાવવાનો હુકમ કરવામાં આવે છે.

( ૨ ) આ કામે મુદ્દામાલ પાવતીમાં જણાવેલ રોકડ રકમ સરકાર ખાતે ખાલસા કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) આ કામે મુદ્દામાલ પાવતીમાં જણાવેલ બિનકીમતી મુદ્દામાલનો અપીલ સમય પત્યા બાદ નિયમાનુસાર નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૪) આ કામે મુદ્દામાલ મોબાઈલ તથા વાહન બાબતે જો કોઈ વચગાળાનો હુકમ કરેલ હોય તો તે કાયમી રાખવાનો હુકમ કરવામાં આવે છે અને જો મુદ્દામાલ મોબાઈલ તથા વાહન બાબતે કોઈ વચગાળાનો હુકમ ના હોય તો તેના માલિકને માલિકીના દસ્તાવેજો વેરીફાઈ કરી પરત સોંપવાનો હુકમ કરવામાં આવે છે.

**હુકમ આજરોજ તા.-૧૪ મી, માહે-માર્ચ, સને-૨૦૨૬ ના રોજ નેશનલ લોક અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.**

**તારીખઃ- ૧૪/૦૩/૨૦૨૬**
**સ્થળઃ - દેવગઢ બારીઆ .**

**( સંજયકુમાર ઓ. ગર્ગ )**
**અધિક જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ**
**દેવગઢ બારીઆ , જી.દાહોદ.**
**કોડ નં. જીજે૦૧૭૩૮.**